સુવિચાર : સફળતાની સીડીના પગથિયાં ચડવા માટે તમારા હાથ ખિસ્સામાંથી બહાર કાઢવા પડે છે - થોમસ કાર્લાઈલ

તાપમાન
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૬.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૨૭ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૧૪ | ૨૫ જાન્યુઆરી, ૨૦૧૬, સોમવાર ; પોષ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યૂઝ

- મોદીને ટાર્ગેટ કરવા આત્મઘાતી બોંબરો તૈયાર છે : ઇન્ટેલીજન્સ
- ફ્રાંસ પ્રમુખ હોલાન્ડે આજે મોદી સાથે વાતચીત કરશે
- નિમણૂંક બદલ અમિત શાહને વડાપ્રધાન મોદીના અભિનંદન
- હવે ઇઝરાયેલ પ્રકારની વાડ સરહદ પર બનાવવા તૈયારી
- રોહિત વેમુલા : સાત વિદ્યાર્થી દ્વારા ભૂખ હડતાળ શરૂ કરાઇ
- સસ્પેન્ડેડ જેડીયુ ધારાસભ્ય અલમની કરાયેલી ધરપકડ
- પાંચ કંપનીઓને આઈપીઓ માટે સેબીની લીલીઝંડી મળી
- ૮૦ ટકા એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ બેરોજગાર છે

# અમિત શાહ પુનઃ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ



### મોદી, રાજનાથ સહિત ૨૦ નેતાઓ દ્વારા શાહના નામનું સૂચન કરાયું : અમિત શાહની પાર્ટી પ્રમુખ તરીકે નિમણૂંક વેળા અડવાણી, મુરલી મનોહર જોશી, યશવંતસિંહાની ગેરહાજરી સૂચક

નવીદિલ્હી,તા. ૨૪

ભાજપના પ્રમુખ તરીકે અમિત શાહની આજે ફરી એકવાર પસંદગી કરવામાં આવી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. આગામી ત્રણ વર્ષ માટે ભાજપ પ્રમુખ તરીકે અમિત શાહની ચૂંટણી બિનહરીફ થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન રાજનાથસિંહ સહિત ભાજપના આશરે ૨૦ નેતાઓ દ્વારા અમિત શાહના નામનું સૂચન કરાયું હતું. આ ચૂંટણી પ્રક્રિયા માત્ર ઔપચારિકતા તરીકે રહી હતી. પહેલાથી જ એવું લાગી રહ્યું હતું કે, ૫૧ વર્ષીય અમિત શાહની ચૂંટણી બિનહરીફ રહેશે. મોદી, રાજનાથસિંહ પણ નવી દિલ્હીમાં પાર્ટી ઓફિસ પર આ પ્રક્રિયા દરમિયાન ઉપસ્થિત

રહ્યા હતા. પાર્ટીના ટોચના હોદ્દા માટેની શાહની ચૂંટણીની જાહેરાત કરાયા બાદ દેશભરમાં

● અનુસંધાન પાન-૭ પર

## અરૂણાચલમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની કેબિનેટની ભલામણ

નવી દિલ્હી,તા. ૨૪

કેન્દ્રીય કેબિનેટે અરુણાચલ પ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની ભલામણ કરી છે. છેલ્લા થોડાક મહિનાઓમાં અરુણાચલ પ્રદેશમાં જોરદાર રાજકીય ખેંચતાણનો દોર ચાલી રહ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં તાકીદની બેઠક યોજાઈ હતી જેમાં વર્તમાન રાજકીય કટોકટીના મુદ્દા ઉપર ચર્ચા થઈ હતી. ત્યારબાદ કોંગ્રેસ શાસિત રાજ્યોમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની ભલામણ કરવામાં આવી હતી. કેબિનેટે વધુ મંજુરી માટે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને મોકલી દેવામાં આવી છે. ગયા મહિને ડિસેમ્બર મહિનામાં વિધાનસભા સત્ર યોજાયું હતું જેમાં મુખ્યમંત્રી નબામ તુકીની સામે ૧૩ પાર્ટી બળવાખોરોના સંગઠન દ્વારા રજૂ કરવામાં આવેલી અવિશ્વાસની દરખાસ્તમાં કોંગ્રેસની હાર થઈ હતી. તુકી પાસે ૬૦ સભ્યોની વિધાનસભામાં ૪૭ કોંગ્રેસી ધારાસભ્યો પૈકી હવે માત્ર ૨૬નો ટેકો છે. ભાજપ પાસે ગૃહમાં ૧૧ સભ્યો છે. મુખ્યમંત્રીએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને લોકશાહીની અભૂતપૂર્વ હત્યાના મામલામાં બંધારણને જાળવી રાખવા દરમિયાનગીરી કરવાની માંગ કરી હતી.

રાજ્યપાલ જ્યોતિપ્રસાદ દ્વારા લોકશાહીરીતે ચૂંટાયેલી સરકારને અસ્થિર કરવાના પ્રયાસ કરાઈ રહ્યા છે તેવો આક્ષેપ કરાયો હતો. હાઈકોર્ટમાં જસ્ટિસ ઋષિકેશ રોયે એવું ઠેરવ્યું હતું કે, ૧૬મી ડિસેમ્બર ૨૦૧૫ના દિવસે વિધાનસભાનું સત્ર વહેલીતકે બોલાવવાના નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો હતો. બંધારણની કલમમાં સ્પીકર સામે ઈમ્પીચમેન્ટની કાર્યવાહીનો મામલો પણ આગળ વધ્યો હતો.

## ગાંધીનગર રાજયનુ સૌથી ઠંડુ શહેર : પારો ૬.૨ ડીગ્રી

### સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નગરજનો કોલ્ડવેવથી પ્રભાવિત નગરના માર્ગો પર સુનકાર

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર આજે રાજયનુ સૌથી ઠંડુ શહેર હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. ઠંડીનો પારો ૬.૨ ડીગ્રી પહોંચી જતા શહેરીજનોએ હાડ થીજાવતી ઠંડી અનુભવી હતી. નગરમાં સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. ઠંડીની ઋતુ આક્રમક બનતા નગરનુ જનજીવન પણ સુન્ન થઈ ગયુ છે. છેલ્લા બે દિવસથી ઠંડીનો મિજાજ ઉગ્ર બનતા શહેરમાં રાત્રિના સમયે સન્નાટો છવાયેલો જોવા મળે છે. આકરા કોલ્ડવેવથી બચવા માટે નગરજનો અનેક નુસખા અજમાવી રહયા છે. શિયાળાની મોસમ નિખરતા નગરજનો રાત્રિની સાથે દિવસે પણ ઠંડીના ચમકારો અનુભવી રહયા છે. લઘુત્તમ તાપમાન ૭ ડીગ્રી થી નીચે ઉતરી જતા સુસવાટા મારતી ઠંડીએ નગરને બાનમાં લીધુ છે. રેકર્ડ બ્રેક ઠંડી ટોક ઓફ ધ ટાઉન બની છે.

ગાંધીનગરમાં ઠંડીનો મિજાજ દિનપ્રતિદિન ઉગ્ર બનતો જાય છે. ગઈકાલે ઠંડીનો પારો ગગડીને ૭.૨ ડીગ્રી પહોંચી જતા શહેરીજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા. જયારે આજે પણ ઠંડીનો પારો નીચે ઉતરી ૬.૨ ડીગ્રીએ આવી જતા નગરજનો કોલ્ડવેવની અસરથી પ્રભાવિત થયા હતા. સવારથી જ ઠંડીએ આકરા મિજાજનો પરચો આપ્યો હતો. બપોરના સમયે પણ સુર્યપ્રકાશની હાજરીમાં પણ ઠંડીની અસર વર્તાતા નગરજનોએ દિવસે પણ ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો.ઠંડીના તીખા તેવરના લીધે નગરના જનજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે. સાંજ ઢળતા જ નગરમાં સન્નાટો

● અનુસંધાન પાન-૭ પર

## ગુજરાતમાં કાતિલ ઠંડીનું મોજુ

### જનજીવન ખોરવાયું : રાજ્યના ઘણા ભાગમાં પારો ૧૦થી નીચે

અમદાવાદ,તા. ૨૪

અમદાવાદ સહિત ગુજરાતમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. આજે અમદાવાદમાં તાપમાન વધુ ઘટીને આઠ ડિગ્રી થયું હતું. આનો મતલબ એ થયો કે અમદાવાદમાં ઠંડીના પ્રમાણમાં વધુ વધારો થયો હતો. બીજી બાજુ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પારો ગગડીને ૬.૨ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો હતો જે રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

● અનુસંધાન પાન-૭ પર

### ક્યાં-કેટલું તાપમાન

| સ્થળ | લઘુત્તમ તાપમાન |
|---|---|
| ગાંધીનગર | ૬.૨ |
| અમદાવાદ | ૮ |
| અમરેલી | ૮.૫ |
| ડિસા | ૮.૬ |
| નલિયા | ૯.૪ |
| વલસાડ | ૯.૫ |
| મહુવા | ૧૦.૩ |
| વડોદરા | ૧૧ |
| કંડલા એરપોર્ટ | ૧૧.૭ |
| દિવ | ૧૨.૬ |
| રાજકોટ | ૧૩ |
| સુરેન્દ્રનગર | ૧૩.૩ |
| સુરત | ૧૪ |

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82




